| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખઃ– | ૧૭–૦૧–૨૦૨૩ | | |
| નોંધ્યા તારીખઃ– | ૧૭–૦૧–૨૦૨૩ | | |
| ફેંસલ તારીખઃ– | ૨૭–૦૧–૨૦૨૩ | | |
| અવધિઃ– | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | |

આંક–

**મહે. સુરતના ૫માં એડીશનલ સેશન્સ જજ તથા સ્પે.એન.ડી.પી.એસ. જજ સાહેબશ્રીની કોર્ટમાં,સુરત.**

**ફોજદારી રેગ્યુલર જામીન અરજી નં.–૪૪૦/૨૦૨૩**

**અરજદાર** / – અક્ષય નહરસિંહ રાજપુત
**આરોપી** ઉ.આ.વ. –૨૬, ધંધો–નોકરી,
રહે.–૪૭, હરસિધ્ધી સોસાયટી,
જુના કોસાડ રોડ, અમરોલી,
સુરત સીટી, સુરત.
હાલ રહે. લાજપોર જેલ, લાજપોર, સુરત.

**વિરૂધ્ધ**

**સામાવાળા** – ધી સ્ટેટ ઓફ ગુજરાત

**વિષયઃ ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૪૩૯ મુજબની રેગ્યુલર જામીન અરજી...**

અરજદાર તરફે વિ.વ. શ્રી કે. ડી. શેલડીયા
સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી જે.એન.પારડીવાળા

**–// ચુ કા દો //–**

**૧.** આ કામના અરજદાર/આરોપીને સુરત ડી.સી.બી. પોલીસ સ્ટેશન પાર્ટ–બી ગુના રજી. નં. ૧૧૨૧૦૦૧૫૨૨૦૧૬૪/૨૦૨૨ એન.ડી.પી.એસ. એક્ટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ મુજબનો ગુનાના કામે અરજદાર/આરોપીને તા.૦૨–૧૧–૨૦૨૨ ના રોજ અટક કરી નામ. કોર્ટમાં રજુ કરેલા અને વધુ પોલીસ કસ્ટડી મંજુર કરવામાં આવેલ જે પુર્ણ થતા અરજદારને નામ. કોર્ટ સમક્ષ રજુ કરતા ત્યારથી અરજદાર જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદાર તરફે વિ.વકીલશ્રી તરફે દલીલ છે કે, અરજદાર નિર્દોષ છે, અરજદારને ખોટી રીતે સંડોવવામાં આવેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, સરકારના કેસ મુજબ અરજદાર/આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ૧૩.૦૮૦ ગ્રામ સંડોવાયલ હોય એનડીપીએસ એક્ટની કલમ –૩૭ નો બાધ નડતો નથી. આ કામે તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને એન.ડી.પી.એસ. કેસ નં.૮૬/૨૦૨૨ થી

ચાર્જશીટ દાખલ થયેલ હોય ટ્રાયલ ચાલુ છે. અરજદાર કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. ર કામે સહ આરોપીઓને ફો.પ.જા.અ.નં. ૮૩૭૬/૨૦૨૨, ૮૩૭૫/૨૦૨૨, ૧૦૯/૨૦૨૩, ૧૨૦/૨૦૨૩, ૩૧૩/૨૦૨૩ વિગેરે ના હુકમથી જામીન મુક્ત કરવામા આવેલ છે જેતી પેરીટીના સિધ્ધાંત મુજબ અરજદારને જામીન મુકત કરવા અરજ છે. અરજદાર વધુ સમય જેલમાં રહે તો કુટુંબ રખડી પડે. અરજદાર નાસીભાગી જાય તેવા નથી. જામીન મુક્ત કરવામાં આવે તો તમામ શરતોનું પાલન કરશે. જે તમામ હકીકતો ધ્યાને લઈ આરોપીને જામીન મુક્ત કરવા અરજ કરેલ છે.

**૨.** અરજી રજુ થતા સામાવાળા સરકારશ્રીને નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ તેમનું સોગંદનામું રજુ કરેલ છે. વિ. સરકારી વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, આરોપી વિરૂધ્ધ એન.ડી.પી.એસ. એક્ટ ની કલમ- ૮(સી), ૨૨(સી), ૨૯ ના ગુના સંબંધે પ્રથમદર્શનીય કેસ છે અને ગુનામાં સંડોવાયેલ મુદ્દામાલ ગેરકાયદેસર મેફેડ્રોન ડ્રગ્સ વગર પાસ પરમીટનો ૧૩.૦૮૦ ગ્રામ સંડોવાયલ હોય એનડીપીએસ એક્ટની કલમ -૩૭ નો બાધ નડતો નથી. આ કામે તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને એન.ડી.પી.એસ. કેસ નં.૮૬/૨૦૨૨ થી ચાર્જશીટ દાખલ થયેલ હોય ટ્રાયલ ચાલુ છે. અરજદારને જામીન પર છોડવામાં આવે તો કાર્યવાહી વખતે મળે નહીં અને નાસીભાગી જાય તેમ છે જે જોતા અરજી રદ કરવા અરજ કરેલ છે. અરજદારનો રોલ જુદો હોય પેરીટીનો લાભ તેને મળે તેમ નથી. આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનીય કેસ હોય જામીન અરજી રદ કરવા ભારપુર્વક દલીલ કરવામાં આવેલ છે. અરજદારને જામીન પર છોડવામાં આવે તો કાર્યવાહી વખતે મળે નહીં અને નાસીભાગી જાય તેમ છે જે જોતા અરજી રદ કરવા અરજ કરેલ છે. આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનીય કેસ હોય જામીન અરજી રદ કરવા ભારપુર્વક દલીલ કરવામાં આવેલ છે.

**3.** પક્ષકારોના વિ. વકીલશ્રીને સાંભળ્યા. અરજી, તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું, રજુ થયેલ પેપર્સ અને તપાસની હકીકત ધ્યાને લેતા, આરોપી વિરૂધ્ધ એન.ડી.પી.એસ. એક્ટ ની કલમ- ૮(સી), ૨૨(સી), ૨૯ ના ગુના સંબંધે પ્રથમદર્શનીય કેસ હોય ગુનામાં સંડોવાયેલ મુદ્દામાલ ગેરકાયદેસર મેફેડ્રોન ડ્રગ્સ વગર પાસ પરમીટનો ૧૩.૦૮૦ ગ્રામ સંડોવાયલ હોય એનડીપીએસ એક્ટની કલમ -૩૭ નો બાધ નડતો નથી. આ કામે તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને એન.ડી.પી.એસ. કેસ નં.૮૬/૨૦૨૨ થી ચાર્જશીટ દાખલ થયેલ હોય ટ્રાયલ ચાલુ છે. આ સબંધે નામ.ગુજરાત હાઈકોર્ટના કાલુરામ ભવરલાલ બિશ્નોઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ફોજ.પરચુ.અરજી (રેગ્યુલર બેલ) નં.૧૪૦૩/૨૦૧૬ તથા ફોજ.પરચુ. અરજી નં.૧૯૪૧૯/૨૦૦૮ માવાભાઈ સ/ઓ ચમનાજી નાવાજી ચૌધરી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાઓ ધ્યાને લેતા તથા હાલના કેસની વિગતો ધાન લેતા કેસ કાર્યવાહી દરમ્યાન અરજદારની

હાજરી મેળવી શકાય તેમ છે. જેથી ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

અરજદાર/આરોપીની અરજી મંજુર કરવામાં આવે છે.

અરજદાર/આરોપી સુરત ડી.સી.બી. પોલીસ સ્ટેશન પાર્ટ-બી ગુના રજી. નં.૧૧૨૧૦૦૧૫૨૨૦૧૬૪/૨૦૨૨ એન.ડી.પી.એસ. એક્ટની કલમ-૮(સી), ૨૨(સી), ૨૯ મુજબના ગુનાના કામે રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) અરજદાર/આરોપી ફરીયાદપક્ષના કોઈપણ સાહેદને ધાક ધમકી કે પ્રલોભન આપવુ નહિં કે ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા જાતે કે અન્ય મારફતે કરવા નહિં.

(૨) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે આ હુકમ થયેથી દિન-૭માં કોર્ટમાં જમા કરાવવો અને જો તે પાસપોર્ટ ધરાવતા ન હોય તો દિન-૭ માં તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

(૩) અરજદાર/આરોપીએ જામીન મુક્ત થતા સમયે પોતાના કાયમી રહેઠાણના દસ્તાવેજી પુરાવા સાથે નું રહેણાંકનું પુરેપુરુ સરનામું સંબંધિત અદાલત સમક્ષ જાહેર કરવાનું રહેશે તેમજ રહેણાંકના સરનામામાં નામ. કોર્ટની પરવાનગી વગર ફેરફાર કરવો નહીં.

(૪) અરજદાર/આરોપીએ અદાલતની પુર્વ પરવાનગી મેળવ્યા વિના ગુજરાત રાજ્યની હદ છોડવી નહિં. અરજદાર/આરોપીએ પોતાનું સ્થાનિક સરનામું જાહેર કરવું.

હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશનમાં તથા સંબંધિત અદાલતમાં મોકલી આપવી.

હુકમ આજ રોજ તારીખ ૨૭ માહે જાન્યુઆરી સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭-૦૧-૨૦૨૩
સ્થળ સુરત

(કૃતિ સંજય ત્રિવેદી)
સ્પે.એન.ડી.પી.એસ. જજ તથા
પમાં એડીશનલ સેશન્સ જજ,સુરત.
જીજે૦૦૬૧૭